**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૩ ડીગ્રી
લઘુતમ : ૨૪.૯ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૬૪ ટકા

# માં જગદંબાની આરાધનાના પર્વનું આજે છેલ્લું નોરતું

## માતાજીનું નવમું અને નવરાત્રિનું અંતિમ સ્વરૂપ સિદ્ધિદાત્રી છે જેનો અર્થ થાય છે સિદ્ધિ પ્રદાન કરનાર માતાજી

નવદુર્ગાના સિદ્ધિ અને મોક્ષ આપનારા સ્વરૂપને સિદ્ધિદાત્રી કહે છે. સિદ્ધિદાત્રીની પૂજા નવરાત્રના નવમા દિવસે કરવામાં આવે છે. દેવ, યક્ષ, કિન્નર, દાનવ, ઋષિ-મુનિ, સાધક અને ગૃહસ્થ આશ્રમમાં જીવનયાપન કરનારા ભક્ત સિદ્ધિદાત્રીની પૂજા કરે છે. તેનાથી તેમને યશ, બળ અને ધનની પ્રાપ્તિ થાય છે. સિદ્ધિદાત્રી દેવી એ તમામ ભક્તોને મહાવિદ્યાઓની અષ્ટ સિદ્ધિઓ પ્રદાન કરે છે, જે શુદ્ધ અને સાચા મનથી તેમની આરાધના કરે છે.

મા સિદ્ધિદાત્રી ચાર હાથવાળા દેવી છે. અને તેમનું વાહન સિંહ છે. તેમના ડાબા બાજુના નીચેના હાથમાં કમળનું ફૂલ છે. સિદ્ધિદાત્રી માના આશીર્વાદથી ભક્તો જે સફળતા મેળવવા માગે છે તે મળે છે. માતા સિદ્ધિદાત્રીની ઉપાસના પૂરી કર્યા પછી ભક્તો અને સાધકોની લૌકિક, પરલૌકિક બધા પ્રકારની ઈચ્છાઓ પૂરી કરે છે.

આસો માસની નવરાત્રીનું છેલ્લું અને નવમું નોરતું એટલે મા ભગવતીની નોમ જે ભક્તો આસો માસના નોરતા દરમ્યાન નિવેધ ન કરી શક્યા હોય તે આ સૌ આ દિવસે નિવેધ કરી શકે છે.

એવી માન્યતા કરે છે કે, તમામ દેવી-દેવતાઓને પણ મા સિદ્ધિદાત્રીથી જ સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે. મા સિદ્ધિદાત્રી કમળ પર બિરાજમાન છે અને હાથોમાં કમળ, શંખ, ગદા, સુદર્શન ચક્ર ધારણ કર્યા છે. સિદ્ધિદાત્રી મા સરસ્વતીનું પણ સ્વરૂપ છે, જે શ્વેત વસ્ત્રાલંકારથી યુક્ત મહાજ્ઞાન અને મધુર સ્વરથી પોતાના ભક્તોને



સમ્મોહિત કરે છે.

નવમા દિવસે સિદ્ધિદાત્રીને ફળ, હલવો, પૂરી, કાળા ચણા અને નારિયેળનો ભોગ ધરાવવામાં આવે છે. જે ભક્ત નવરાત્રીનું વ્રત કરી નવમા પૂજન સાથે સમાપાન કરે છે, તેમને આ સંસારમાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષની પ્રાપ્તિ હોય છે.

આ દિવસે દુર્ગાસપ્તશતીના નવમા અધ્યાયથી માતાનું પૂજન કરો. નવરાત્રમાં આ દિવસે દેવી સહિત તેમનાં વાહન, સાયુજ એટલે કે હથિયાર, યોગનીઓ અને અન્ય દેવીદેવતાઓનાં નામથી હવન કરવાનું વિધાન છે. તેનાથી ભોગ અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. માતાજીની પૂજા બાદ કુંવારી કન્યાઓને ભોજન કરાવવામાં આવે છે. તેમને માતાના પ્રસાદની સાથે દક્ષિણા આપવામાં આવે છે અને ચરણસ્પર્શ કરી આશીર્વાદ લેવામાં આવે છે. આઠ દિવસ વ્રત, નવમી પૂજા અને કન્યાઓને ભોજન કરાવ્યા બાદ માતાજીને વિદાય આપવામાં આવે છે.

નવરાત્રી પૂર્ણાહુતિ બાદ આવતીકાલે દશેરા પણ ઉજવાશે. આ નિમિત્તે શસ્ત્રપૂજન, શમી પૂજન, વાહન અને યંત્ર પૂજનના કાર્યક્રમો પણ થશે. કાયમી મુહૂર્તના કારણે નવા ગૃહપ્રવેશ, ઉદઘાટન સહિતના કાર્યક્રમ પણ રાખવામાં આવે છે. આવતીકાલે દશેરા ઉજવણી માટે રામલીલા સમાપ્તિ અને રાવણ દહનના કાર્યક્ર્મ પણ ઠેર ઠેર યોજાશે.

## ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન દ્વારા નવરાત્રીની ઉજવણી



નવરાત્રી મહોત્સવની ઉજવણી સૌ પ્રથમ વખત ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન સંસ્થા દ્વારા સેક્ટર-૩ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ એક દિવસ માટે માં આદ્યશક્તિની પૂજા અર્ચના સાથે માતાજીની સ્તુતિ, આરતી કરીને માતાજીનાં ગરબાની રમઝટ ગાંધીનગરના સૌ ભાઈ-બહેનો, દિકરીઓએ બોલાવી હતી. આ નવરાત્રી મહોત્સવનું સંપૂર્ણ સંકલન મિલાપ ટાટારિઆ દ્વારા કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના અભિનેત્રી નિલમ પ્રજાપતિ અને વિવા બ્યુટી કેરનાં જલ્પા વોરા ઉપસ્થિત રહ્યા હતાં. આ વર્ષે બાળકોમાં ઉત્સાહનો માહોલ પણ જોવા મળ્યો હતો અને લગભગ ૧૦૦થી પણ વધુ વિદ્યાર્થીઓએ ગરબાના તાલે મન મૂકીને નાચી ઝુમી નવલા નોરતાની હરખભેર ઉજવણી કરી હતી. સંસ્થાના ગ્રાન્ડ માસ્ટર પ્રકાશ સંભવાણી, ટેક્નિકલ ડિરેક્ટર જતીન દવે, સેક્રેટરી મિલાપ ટાટારિઆ અને કોચ રોનક કંસારાએ વિજેતા ખેલૈયાઓને શુભેચ્છાઓ પાઠવી હતી.



શ્યામ શુકન રેસીડન્સી, પીડીપીયુ રાયસણ ખાતે નવરાત્રીમાં વેશભૂષાની થીમ પર નાના ભુલકાઓ અને ઘરની ગૃહિણીથી માંડીને યંગ જનરેશનના લોકો એમાં પણ ખાસ કરીને શ્યામ શુકનની મહિલાઓ વેશભૂષામાં પણ પુરૂષોથી કંઈ કમ નથી જેમાં શ્યામ શુકન રેસીડન્સીની બહેનોએ આપણાં ગુજરાતની આદીવાસી સમાજનો પહેરવેશ ધારણ કરી ગરબે રમ્યા હતાં જેથી લોકોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

## સ્માર્ટ કીડ્સ નર્સરી સ્કુલ દ્વારા ગરબાનું આયોજન



ગાંધીનગર, તા.૩

સ્માર્ટ કિડ્સ નર્સરી સ્કૂલ દ્વારા તેમના વિદ્યાર્થીઓ માટે સેક્ટર ૧ ગરબા ચોક ખાતે ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. બધા બાળકો ગામઠી પોશાક પહેર્યો હતો અને ગામઠી પ્રોપ્સ સાથે સેલ્ફી બૂથ પર ફોટોગ્રાફીની મજા માણી હતી. વિવિધ શ્રેણીઓ માટે ઘણા ઈનામો જીત્યા હતા સ્માર્ટ બાળ શ્રેષ્ઠ ડ્રેસ કૌટુંબિક શ્રેષ્ઠ પોશાક સ્માર્ટ મોમ એન મી બેસ્ટ ડ્રેસ સ્માર્ટ ગ્રાન્ડ મા એન મી બેસ્ટ ડ્રેસ સ્માર્ટ બાળકો શ્રેષ્ઠ નૃત્યાંગના. સ્કૂલ માટે તે ખરેખર એક રોમાંચક ઉત્સવ હતો.

## પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય ખાતે નવરાત્રી મહોત્સવ



ગાંધીનગર, તા.૩

શ્રી પ્રતાપસિંહજી હિન્દી વિદ્યાલય તેમજ અર્જુન આશ્રમ અંગ્રેજી મીડીયમ સ્કુલમાં નવરાત્રી મહોત્સવનું આયોજન કરાયું હતું. આ પ્રસંગે શાળાના ટ્રસ્ટી અર્જુનસિંહ વાઘેલા, મે.ટ્રસ્ટી શોભનાબા વાઘેલા, ઉપાચાર્ય નરેન્દ્રસિંહ ચૌહાત તેમજ અર્જુન આશ્રમ શાળાના આચાર્ય ઋષિકુમાર યાદવ હાજર રહયા હતા. નવરાત્રી મહોત્સવના આયોજનમાં વિદ્યાર્થીઓ ગરબે રમ્યા હતા અને વાલીઓ પણ ઉપસ્થિત રહયા હતા.



ગુજરાત સ્ટેટ યોગ બોર્ડ દ્વારા ઠેર ઠેર ચાલતા યોગ વર્ગો માં સેક્ટર ૪ ખાતે આશાબેન મેહતા દ્વારા ચાલતા નિઃશુલ્ક યોગ વર્ગમાં ગાંધી જયંતિની ઉજવણી નિમિત્તે સ્વચ્છતા ઉપર યોગ ટ્રેનરો મારફતે નાટક, ભાવનાબેન બાત્રા દ્વારા વક્તવ્ય તેમજ ચંપાબેન દેસાઈએ ગાંધીજીનું પ્રિય ભજન ' વૈષ્ણવજન તો તેને રે કહીએ ' રજૂ કર્યું હતું. સાથે જ યોગ કોચ આશાબેન મેહતાએ લાલબહાદુર શાસ્ત્રીના સિદ્ધાંત 'બીજાને જે સલાહ આપો, તેનો જાતે પણ અમલ કરો' તેની વિસ્તૃત માહિતી આપી હતી.

## સાહિત્યસભા દ્વારા આયોજિત મહર્ષિ અરવિંદનો જયઘોષ કાર્યક્રમ



ગાંધીનગર, તા.૩

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા મહર્ષિ શ્રી અરવિંદ વિશે એક અનોખો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. અરવિંદ કેન્દ્ર ગાંધીનગર અને ગાંધીનગર સાહિત્યસભા દ્વારા મહર્ષિ અરવિંદની સાર્ધ શતાબ્દી મહોત્સવ અંતર્ગત 'મહર્ષિ શ્રી અરવિંદનો જયઘોષ' શિર્ષક હેઠળ ગાંધીજયંતીના દિવસની સવારે અરવિંદ કેન્દ્ર, સેક્ટર - ૨૩ ખાતે કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત અરવિન્દ કેન્દ્રના સંચાલક ડૉ. ચંદ્રકાન્ત તન્નાના શાબ્દિક સ્વાગત સાથે થઈ. આવેલા મહેમાનો શ્રી જ્યોતિબહેન થાનકી, કુંતલભાઈ નિમાવત અને ડૉ. ચંદ્રકાન્ત તન્નાનું પુસ્તક પુષ્પથી સંજય થોરાત, કિશોર જિકાદરા અને અજય રાવલ દ્વારા સન્માન કરવામાં આવ્યું.

મહર્ષિ શ્રી અરવિંદના વિવિધ પાસા પર વક્તવ્ય આપવા મુખ્ય વક્તા તરીકે જ્યોતિબહેન થાનકી કે જેઓ મહર્ષિ અરવિંદ વિશેના એન્સાઈક્લોપીડિયા તરીકે ઓળખાય છે અને મહર્ષિ અરવિંદ કેન્દ્ર અને એમની પ્રવૃત્તિઓ માટે સમર્પિત છે. તેમણે મહર્ષિ શ્રી અરવિંદનો જયઘોષ અંતર્ગત ક્રાંતિકારી, સાહિત્યકાર અને એડિટર અરવિંદ વિશેની વિવિધ વાતો કરી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. આ કાર્યક્રમનું સંચાલન નવલકથાકાર કલ્પેશ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું જ્યારે ડૉ. દીપક પંડ્યાએ જ્યોતિબહેન થાનકીનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમની આભારવિધિ વાઘેલા ભાઈએ કરી હતી.

## કડી સર્વ વિશ્વ વિદ્યાલયનું નેશનલ ગેમ્સમાં ગૌરવ



ગાંધીનગર, તા.૩

કડી સર્વ વિશ્વ વિદ્યાલય ભણતરની સાથે વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ માટે પણ હરહંમેશા કાર્યરત હોય છે. જેના ભાગરૂપે આ યુનિ.ના ડીપાર્ટમેન્ટ ઓફ ફીઝીકલ એજયુકેશન એન્ડ એડવેનચર સેલ પણ યુનિ.ના દરેક યુનિ.ના ખેલાડીને તેમની રમતમાં આગળ વધવા માટે પુરતું પ્લેટફોર્મ પુરુ પાડે છે. કડી સર્વ વિશ્વ વિદ્યાલયની એલડીઆરપી કોલેજમાં કોમ્પ્યુટર ડીપાર્ટમેન્ટમાં અભ્યાસ કરતાં મીલીન્દ પટેલનું ગુજરાતની સોફટ ફોલની ટીમમાં સીલેકશન થયું છે અને હવે તે નેશનલ ગેમ્સમાં ગુજરાતની ટીમથી ભાગ લેશે તો આજ કોલેજના એસવી ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ કડીમાં અભ્યાસ કરતાં સાહીલ ધનાનીનું પણ રગબી ગેમ્સ માટે ગુજરાતની ટીમમાં સીલેકશન થયું છે. જે ટીમ ગુજરાતની ટીમમાંથી ભાગ લઈ રહી છે. કડી સર્વ વિશ્વ વિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલ તેમજ ડીપાર્ટમેન્ટ ઓફ ફીઝીકલ એજયુકેશન એન્ડ એડવેનચર સેલ તરફથી બન્ને ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

## એમબી પટેલ ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં નવરાત્રી નિમિત્તે ગરબા મહોત્સવ યોજાયો



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી અને ગાંધીનગર સંચાલિત એમ બી પટેલ ઈંગ્લીશ મીડીયમ સ્કુલમાં ગરબા મહોત્સવ ઉજવાયો હતો. શાળાના પટાંગણમાં સહુ વિદ્યાર્થીઓ, મહેમાનો અને સ્ટાફ મિત્રોએ મન મૂકીને ગરબાની રમઝટ બોલાવી હતી. શાળા સમય દરમ્યાન ગરબા કાર્યક્રમનું સમાપન કરી ને, આરતી થાળી ડેકોરેશન, બેસ્ટ ડ્રેસ, બેસ્ટ પેર જેવી વિવિધ કેટેગરીના વિજેતા વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા.

## સ્કુલ ઓફ એચિવર ચિલોડા ખાતે સ્પર્ધાઓ યોજાઈ



સહજાનંદ સ્કુલ ઓફ એચિવર ચિલોડા ખાતે શાળા સમય દરમિયાન નવરાત્રી ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકો માટે વિવિધ પ્રકારની સ્પર્ધાઓ રાખવામાં આવી હતી. બેસ્ટ કોસ્ચ્યુમ, પ્રિન્સ એન્ડ પ્રિન્સેસ તથા હાઉસ પ્રમાણે આરતી થાળી ડેકોરેશનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૮૦ બાળકોએ ભાગ લીધો હતો. સમગ્ર ઉત્સવ અનેરા આનંદની ઉજવાઈ ગયો હતો. બાળકો સાથે શાળા શિક્ષકોએ પણ ટ્રેડીશનલ ડ્રેસ સાથે આવ્યા હતા તેમજ વિવિધ કેટેગરીમાં ૨૮ બાળકોને વિજેતા જાહેર કરી ઈનામ પણ આપવામાં આવ્યા હતા.

## કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બીબીએ કોલેજ દ્વારા ગરબાનો કાર્યક્રમ યોજાયો

નવરાત્રી નિમિત્તે વિદ્યાર્થીઓ માટે ગરબાનો રંગારંગ કાર્યક્રમ યોજાઈ ગયો. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી. કોલેજ ઓફ બિઝનેસ એડમિનિનીસ્ટ્રેશન કડી કેમ્પસ ખાતે નિમિત્તે આદ્યશક્તિની ઉપાસના સમા નવરાત્રી પર્વની ઉજવણી હેતુ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. દર વર્ષની જેમ આ વર્ષે પણ



ખુબ શ્રદ્ધા પૂર્વક અધ્યાપક ગણ તેમજ વિદ્યાર્થીઓ દ્વારામાં આરતીથી શરૂઆત કરવામાં આવી હતી. આરતી બાદ તુરંત તમામ વિદ્યાર્થીઓ ઉત્સાહ પૂર્વક ગરબા રમવા જોડાઈ ગયા હતા. કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેમજ ખુબ મોટી સંખ્યામાં છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓ માટે આ પ્રંસંગ અનેરો પ્રસંગ સાબિત થઈ રહ્યો હતો. વિદ્યાર્થીઓની સાથે સાથે સંસ્થાનાં શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓ દ્વારા ગરબામાં ઉત્સાહપૂર્વક જોડાઈ ખુબ સુંદર પ્રતિસાદ આપ્યો હતો.

## જન્મદિને વધામણી



અંજનાબેન મહેશકુમાર રાવલ
મો. ૦૭૯-૨૩૨૩૩૦૬૭



ડો. જૈવિક મહેશભાઈ બ્રહ્મભટ્ટ
મો. ૯૪૨૮૫ ૯૯૮૬૧



કાન્તિભાઈ એમ. પ્રજાપતિ
મો. ૯૪૨૬૩ ૨૮૦૦૬



દિલીપકુમાર જાની
મો. ૯૪૨૮૮૦૩૦૨૯



શુભમ શૈલેન્દ્રસિંહ સોલંકી
મો. ૯૯૧૩૭ ૭૪૨૨૮



હર્ષિલ હરેશકુમાર જોષી
મો. ૭૯૮૪૨ ૨૩૩૫૯



શુભમ ચૌધરી



ઉમંગ પટેલ
મો. ૭૯૮૪૨ ૨૩૩૫૯



જ્યોતિબેન શ્રેયાંશભાઈ કોઠારી